SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 9. ઉત્તર ગુજરાતનું લઘુ લોકસાહિત્ય: પરિચય અને મૂલ્યાંકન

ડૉ.ભરતકુમાર કે. પરમાર

ઉત્તર ગુજરાત તેની સાંસ્કૃતિક ભૂમિકાથી પ્રખ્યાત છે તે ઉપરાંત લોકસાહિત્યના શાસ્ત્રિય સંપાદન તથા લોકસાહિત્યના જુદા જુદા સ્વરુપોની દ્રષ્ટિએ પણ ગર્વ લઇ શકે છે. લોકસાહિત્યમાં ઘણા બધા સ્વરૂપોનો સમાવેશ થતો હોય છે. જેમાં લોકગીત, લોકકથા તથા લોકમહાકાવ્ય, લોકકથાકાવ્ય વગેરે આ સ્વરૂપોમાં જ જેનો સમાવેશ થાય છે તેમાંનું ખૂબ નાનું સ્વરૂપ એટલે કે એક બે લીટીમાં આખી વાત કહી જતું હોય તેવા સ્વરુપને આપણે લઘું લોક્સાહિત્ય તરીકે ઓળખીએ છીએ. જેમાં લોકોક્તિઓ, કહેવતો, ઉખાણાં, મંત્રો, ભડલી જેવા પ્રકારોનો સમાવેશ થાય છે. અહી ઉત્તર ગુજરાતમાં પણ આવાં લઘું લોકસાહિત્યનું સંશોધન/સંપાદન થયેલું જોવા મળે છે. ક્યાંક છૂટક-છૂટક તો ક્યાંક સ્વતંત્ર પુસ્તક રૂપે પણ આવા લોકસાહિત્યનું સંશોધન સંપાદન આપણને જોવા મળે છે. આ લેખનો ઉદ્દેશ જ એ છે કે, આવા સંપાદનોમાં પડેલી આ મોગી જણસને લોકો સુધી પહોચાડવાનું તથા લોકોને જાણ થાય કે ઉત્તર ગુજરાતમાં આવું પણ લોકસાહિત્ય સંગ્રહાયૂં છે.જેના સંપાદનો નીચે મુજબ છે.

(૧) અરવલ્લી પહાડની આસ્થા- ભગવાનદાસ પટેલ

(૨) આપણાં ઓઠાં-અમૃત પટેલ

(૩) ઉત્તર ગુજરાતની કહેવતો- ભરત દવે

(૪) ચૌદ લોક- પ્રેમજી પટેલ

(૫) બનાસકાંઠાના લોકસંસ્કાર અને લોકવાણી- જયંતિલાલ દવે

આ લેખમાં મેં મારી સમજ પ્રમાણે લઘું લોકસાહિત્યને જુદું પાડ્યું છે. કદાચ તેમાં કંઇ ક્ષતી થઇ હોય તો તે મારી હશે. હવે ઉપરોક્ત યાદી પ્રમાણે પરિચય અને મુલ્યાંકન જોઇએ.

- અરવલ્લી પહાડની આસ્થા- ભગવાનદાસ પટેલ પ્ર-પોતે,મુ.પો જામળા તા.હિંમતનગર જિ.સાબરકાંઠા

ભગવાનદાસ પટેલે આદિવાસી લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં કામ કર્યુ છે. જેમાં લોકગીત ,લોકવાર્તા, લોકમહાકાવ્ય, કથાકાવ્ય વગેરે, પરંતુ સૌથી અગત્યનું અને મહત્વનું કામ જેને કહી શકાય તે છે'મંત્રવિદ્યા'ઉપરનું કારણ કે, આ secret lore પરનું કામ કરવું એ ઘણી સુઝ, ખંત, ધીરજ અને ગંભીરતા માંગી લે તેવું કામ છે. કારણ કે આ મંત્રો એ ગુપ્ત મંત્રો હોય છે. જેનો જાણનાર બીજા કોઇને કહેતો નથી એવા ગુપ્ત મંત્રોનું સંશોધન સંપાદન કરીને ભગવાનદાસે આપણને મુદ્રિત રૂપમાં ઉપલબ્ધ કરી આપ્યા છે.

પ્રસ્તુત પુસ્તકના એકસો સાઇઠ પૃસ્ઠોમાં સંપાદકે મંતર-તંતર, ડુંગળી ભીલોના મુખ્ય (વેહ) વીર,મેલી દેવીઓ અને રખી ,ડાકણ વિદ્યા, રાતના સમયે ભૂત સાધવા જતા ભોપા તેઓની વિધિઓ ,લોકમંત્રો વગેરેની માહિતી આપી છે. પૃષ્ઠ ૧ થી ૨૨માં મંતર તંતર વિશે સંપાદકે માહિતી આપતા જણાવે છે કે, સંશોધનમાં શું મુશ્કેલી ઓ પડે છે તેના વિશે, તથા ભૌગોલિગત, માહિતીદાતાગત ,સંસ્કૃતિગત વગેરે મુશ્કેલીઓ પડે છે. લોકમંત્રો એ લોકવિદ્યાનું જ અંગ છે અને પેઢી દર પેઢી અનેક વર્ષોથી મૌખિક રીતે ઉતરી આવે છે.મંત્રોમાં જાદુંનું તત્વ વિશેષ હોય છે.મંત્ર વિશે સંપાદક જણાવે છે કે "લોકબોલી"માં 'મંત્ર' શબ્દ માટે 'મંતર' શબ્દનો પ્રયોગ થય છે. જે જંતર શબ્દની સાથે વપરાય છે.'જંતર મંતરમાં જંત્ર અથવા યંત્રનો ઉપયોગ લખીને કરવામાં આવે છે અને તેને શરીર સાથે બાંધવાથી કાર્યશીલ બને છેઃ જ્યારે 'મંત્ર' નો સંબંધ મૌખિક છે .મંત્રને મુખ દ્વારા વિશિષ્ટ ધ્વનિની રીતે ઉચ્ચારવાથી તેનો પ્રભાવ જન્મે છે. સામાન્ય રીતે મંત્રોમાં સિદ્ધ ,શક્તિ જ મહત્વપૂર્ણ છે. તેમના અર્થોનું કોઇ મહત્વ નથી.

મંત્રો એ ખાસ કરીને ભૂવાઓ, ભોપાઓ બિમાર માણસની બિમારી દૂર કરવા માટે બોલતા હોય છે. સંપાદકે આ પુસ્તકના પ્રકરણ એકમાં ભૂત વિશેની માહિતી આપે છે જેમાં ભૂત ( વેહ વીર ,મેલી દેવીઓ અને રખી વિશેની માહિતી આપે છે. જેમાં બાબરિઓ ભૂત જોટંગ વેહ, સામાન્ય વેહ ,ચુડેલ,વીર ,રગતિયો વીર,દૂતિઓ વીર ,નરસંગો વીર, ગોબરિઓ વીર, ઝાંપા ઝાંપરી, મેલાંની મેલરી, સોખાંની સોખલી,રખી, પીપળ રખી વિશે માહિતી આપેલી છે. સંપાદકે જે મંત્રો આપ્યાં છે તેના વિશે જોઇએ તો મંત્ર...

"ઉઠો વીર જતિ, અટિલા અરુમાંન
કરો સોટીકાં રખવાળાં
નીરકી કુકરી
કણીઓર કી કોબ
અમિકા ઑસા
ઇરોકા તોરા
મસાંણકા ગરા
કેસાં કેસાં દેવવાળાં?

આમ આ મંત્ર શરીરને કવચ મંડિત કરવાનો મંત્ર છે.તો વળી મૂઠ મારવાનો મંત્ર આ પ્રમાણે છે.

કાળી કાળી માકાળી
ખાય ખપરમાં !
લૂટે મસાણમાં!
મસાણકા લાડું પરખે
માટી કા કવા વાળે
લઇકા કુલ્લા કરે
આડ ગુડ કા દાતણ કરે...

મોહિની મંત્રમાં મનગમતી યુવતીને મોહ પમાડી વશ કરવા મોહિની મંત્ર(મોયણી મંત્ર) પ્રયોજાય છે. ભીલો મોહિની મંત્રના પ્રમુખ દેવ તરીકે 'નરસેંગો' વીરને માને છે. આ મંત્રની સાધના દર રવિવારે કરવામાં આવે છે. એક નાળિયેર વધેરીને મોહિની મંત્ર બોલી મગના કણ પર સીંદુર ચોપડી પછી જે સ્ત્રી પર મોહિનીની અસર કરવાની હોય તે સ્ત્રીનું નામ બોલી ફરીને મંત્ર બોલે છે જે આ પ્રમાણે છે.

રાતી સોપારી કામણગારી
મેં આતી દીતવારી મગરવારી સાતી
રાતી માતી હોમી આવે
સાથી આલે
ને આલે તો
પેગની પાનીરો નરસેંગો વીર મેલું
પેગની કુટી હો નરસેંગો વીર મેલું...

આજ રીતે મોહિની ઉતારવાનો પણ મંત્ર હોય છે. આદિવાસીઓ ખાસ કરીને જંગલમાં રહેતા હોય એટલે તેમને જંગલી જીવ જંતુઓ પણ કરડતા હોય છે. કોઇને વીંછી કરડે તો તેનું ઝેર ચડતું હોય છે. આ વીંછી ઉતારાવાનો મંત્ર પણ તેઓ જાણે છે જે આ પ્રમાણે છે.

કાળો વેસું કરકરિયાળો
ઉપર દાંડી પમ્મરિયાળી
કાળી પેંસી માંડ ગા
મોર વેસું ખાઇ ગા
ઉતર વેસું ખાઇ ગા....

આ રીતે સાપ ઉતારવાનો મંત્ર, ડાકણોની મિથકથા તથા મૂઠ ચોટની અસરમાંથી જન્મેલા ગોઠિયા વિષયક લોકગીતો પણ આપ્યા છે. સંપાદકે માહિતીદાતા નામ, ફોટોગ્રાફ તથા અઘરા શબ્દોનાં અર્થો આપીને શાસ્ત્રીય સંપાદન કર્યુ છે.

- આપણાં ઓઠાં-સં અમૃત પટેલ પ્ર-યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્ર.આ .૨૦૦૧

આપણાં ઓઠાં એ ડૉ.અમૃત પટેલ સંપાદિત એક લોકકથા સ્વરૂપનું સંપાદન છે. આ એવા પ્રકારનું સંપાદન છે જે આજ દિન સુધી આવા પ્રકારનું કામ મળ્યું નથી. આ સંપાદન પરંપરાગત ઓઠાંઓનું પ્રથમ વૈજ્ઞાનિક સૂઝ સમજ ધરાવતું સંપાદન છે. ઓઠાં પ્રકાર વિશે

કશું જ પ્રગટ થયું નથી ત્યારે આખું પુસ્તક જ ઓઠાં વિશે થાય, શબ્દની વ્યુત્પત્તી ચર્ચા આવે ઓઠાંના લક્ષણો બાંધી આપે, તેના પ્રકારો તારવી આપે સંપાદનની મુશ્કેલીઓ પણ સંપાદક જણાવે છે. 'ઓઠાં'ની વ્યુત્પત્તિ વિશે સંપાદક જણાવે છે કે, 'ઓઠાં' એ બહુવચન છે.જ્યારે 'ઓઠું' એ એકવચન છે. આ 'ઓઠું' શબ્દ મૂળ સંસ્કૃત અવસ્તુ (ઢાંકવું ઉપરથી ઉતરી આવ્યો છે. સંસ્કૃત અવસ્તુ,અવષ્ભુ-અવટુંભ-ઓઠું એ રીતે ઉતરી આવ્યો હોય તેમ જણાય છે. 'ઓઠાં' શબ્દના ભગવદ્ગોમંડલમાં જુદા જુદા વીસ અર્થો દર્શાવવામાં આવ્યાં છે[૧]

મુખ્યત્વે આ 'ઓઠાં' ગુજરાતનાં પરંપરાગત સમાજોમાં, રાવણાંમાં(સભાઓમાં) ઓઠાં કેવી રીતે કહેવાતા હતાં તેની ચર્ચા પણ કરવામાં આવી છે. સંપાદકે મુખ્યત્વે બાર પ્રકરણમાં ઓઠાં વિભાજિત કરીને મુક્યાં છે.જુદી-જુદી જ્ઞાતી વિષયક ઓઠાંને પણ વિભાજિત કર્યા છે. ઉત્તર ગુજરાતની લોકકથાઓનાં પરિસંવાદમાં ડૉ.હસુ યાજ્ઞિકે આ સંપાદન વિશે જણાવતાં જે કહ્યું છે તે ડૉ.પ્રાંજલી પટેલે તેમના પુસ્તકમાં લખ્યું છે : "ડૉ.અમૃત પટેલના 'ઓઠાં'નો સંચય પણ ઉત્તર ગુજરાતની લોકકથા અને તેના કથા ઘટકોની દ્રષ્ટિએ મૂલ્યવાન છે. એનુ કારણ એ કે લોકકથાઓ તો દેશ પરદેશથી આયાત અને સહિયારી મૂડી હોય છે. જ્યારે ઓઠાં એવો પ્રકાર છે જે વિશેષતઃ સ્થાનિક મૂડી હોય છે. બોલીનાં પ્રયોગની જેમ જ એ લોકજીવનમાં વણાઇ ગયેલા હોય છે અને કોઇને કોઇ નિમિત્તે ચલણી સિક્કાની જેમ એ કહેવાતા જાય, લીસ્સા થાય, ને લપસતા જાય અને નવા સિક્કાઓ એમાં આવતાં જાય. હાસ્યનો ટૂચકો, મર્મસ્પર્શી મુક્તક, લઘુકથા વગેરેમાં કેન્દ્રમાં કોઇ મુખ્ય એક સ્ફોટ હોય છે તેમ ઓઠાંમાં પણ એક મુખ્ય ગતી કેન્દ્રને એવો ઘટક હોય છે. એમાં શબ્દ રમત અને બોલે બાંધી લેવાની બાધાઇ અને ચાતુર્યકથા બગાસું ખાતાં પતાસું મળે એવાં યોગાનું યોગની કથા કોઇ જ્ઞાતીની હાંસી મજાક કરવા માટેની જાતિ જ્ઞાતિના શબ્દની વ્યુત્પત્તિ કથા, આમ કથાનાં પણ વિવિધ પ્રકારો ડૉ.અમૃત પટેલના આ સંગ્રહમાં છે.[૨] આમ ઉત્તમ સુઝ બુઝ ધરાવતું આ સંપાદન મોઘીં જણસ સમાન છે.

- ઉત્તર ગુજરાતની કહેવતો-સંઃભરત કે.દવે પ્રઃપોતે મું.પો. મીઠી ધારિયલ તા.ચાણસ્મા, જિ.પાટણ,પ્ર.આ. ૨૦૦૫

"ઉત્તર ગુજરાતની કહેવતો" ભરત દવેનું સંપાદન છે. તેઓએ અભ્યાસના ભાગરૂપે આ સંશોધન કરેલું છે. સંપાદકે કહેવતોનો અર્થ તથા તેના વિશે જુદા-જુદા વિદ્વાનોના મત પણ જણાવે છે. પાંચ પ્રકરણમાં વિભાજીત આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં લોકવિદ્યા અને તેની વિભાવના આપવા પ્રયત્ન કર્યો છે. લોકવાડ્મયનાં લક્ષણોનો પરિચય પણ આ સંપાદનમાં આપ્યો છે. તેની વિશેષતાઓ પણ તેત્રીસ જેટલા મુદ્દાઓથી તારવી બતાવી છે. પ્રકરણ બે માં કહેવતોની સ્વરૂપગત વિભાવના, લક્ષણો, ખાસિયતો તથા તેના કૂળ અને મૂળ વિશેની ચર્ચા કરી છે. પ્રકરણ ત્રણમાં પુરોગામીઓના પ્રદાન વિશે વાત કરેલી છે. તેમાં ઇ.સ.૧૮૫૧ માં કહેવત સ્વરૂપ અંતર્ગત પ્રસિદ્ધ પામેલો ગ્રંથ એટલે કે મગનલાલ વખતચંદકૃત 'કથનાવલી' તથા દલપતરામકૃત 'કથનસપ્તશતી' વિશેની વાત કરી છે. આમ વિવિધ પુરોગામીઓની ચર્ચા કરી છે. સંપાદકે કુલ ૧૪૪૨ કહેવતો આપી છે જેને અકારાદી ક્રમમાં ગોઠવી અને દરેકનું અર્થઘટન કરવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. થોડી કહેવતો જોઇએ તો...

(૧) અણી ચૂક્યો સો વરસ જીવે= વિપત્તિમાંથી ઉગરી જવું એ જ મહત્વનું છે.

(૨) ગાય વાળે એ ગોવાળ =કાર્ય કરી બતાવે તે જ સાચો સમર્થ

(૩) કોણીએ ગોળ= ખોટી લાલચ આપવી

આવી ઘણી બધી કહેવતો આપણે રોજબરોજની બોલચાલમાં વાપરતા હોઇએ છીએ. કહેવતોમાં વિવિધ માનવભાવો, વૃક્ષો, ફળો-ફુલો જેવા પ્રકૃતિનાં તત્વો તથા પારિવારિક સંબંધો જેમાં (મા-બાપ, દીકરો-દીકરી ,સાસું-વહું વગેરે; ઉત્સવો, મેળાઓ, સ્થળ, સમય, પૌરાણિક પાત્રો,વ્યવસાય-ધંધો જેવા અવનવા વિષયો કહેવતરૂપ પામ્યાં છે. આ સંપાદનમાં ઉત્તર ગુજરાતની બોલીની લઢણ આપણને જોવા મળે છે. દેખીને બદલે ભાળીને, ચ્યમ, મું, ચ્યાં જ્યોતો, આવા ગ્રામીણ શબ્દોનો ઉપયોગ વધુ થયેલો જોવા મળે છે. આમ, આ સંપાદન ખુબ મહેનત કરીને વ્યવસ્થિત ગોઠવીને અઘરા શબ્દોના અર્થો આપીને ખુબ ઝિણવટ પૂર્વકનું કામ કર્યુ છે.

- ચૌદ લોક, સં-પ્રેમજી પટેલ,(લોકવાડ્મયના વિવિધ સ્વરૂપો) દ્રિ.આ.૨૦૦૮,પ્ર.પાશ્વ પ્રકાશન, અમદાવાદ.

પ્રેમજીભાઇ પટેલે ઉત્તર ગુજરાતનાં લોકસહિત્યમાં ખાસ્સું એવુ કામ કરેલું છે એમાનું આ એક સંપાદન 'ચૌદ લોક' જેમાં તેમણે લોકસાહિત્યના તદ્દન જુદા સ્વરૂપ વિશે વાત કરી છે. આ સંપાદનમાં ટોડ,રેળી, ભરેલો, શલોકો વગેરે પણ લઘુલોકસાહિત્ય છે. ટોડ એ રાવળ સમાજના ભાઇઓ નવરાત્રીમાં રમે છે. તોડને માતાજીનો રથ કે ઝોજીઘોડો નામથી ઓળખે છે.માતાજીના ભક્તિના ભાગ રૂપે તથા ગુજરાન અને જનમનરંજન માટે રાવળ ભાઇઓ કાઢે છે. રાવળ ભાઇઓ પહેલાં માતાજીની રજા માગી પોતાના ગામમાં કે ચૉકમા ટોડ રમે પછી ગામે-ગામ ફરે છે. આ રમનારાની સાથે ભૂંગળ,ઢોલ, કાંસા-જોડ જેવા લોકવાદ્યો સાથે તેઓ વગાડતા ગામમાં પ્રવેશ કરી બધાને જાણ કરે છે. ટોડના

પાત્રોમાં કાંસળિયા હોય જે સ્ત્રી વેશ ધારણ કરે છે. નાયક પાત્ર એક હોય,એક ભાથી હોય જે ભવાઇના રંગલા જેવું પાત્ર ભજવે. આમ દરેક પાત્રોના સંવાદોથી રાત્રે ભજવવામાં આવે. ટોડ રમનાર પાત્રો ઉપવાસ કરી ભોંય પર સૂતા હોય છે. દશમના દિવસ સુધી રમીને ઘેર પાછા આવી લાવેલું બધું વહેંચે છે અને માતાજીનું નૈવેધ કરે છે. ટોડ રમવા-રમાડ્યાથી ગામનો રોગ મટે એવી માન્યતા રાવળ ભાઇઓમાં છે. ટોડના એક વેશનું ઉ.દા.જોઇએ...

- **ગણેશ પરમેસર**

ભાથી- હો...હો...હો...હો...હો...હો...હો...

નાયક- અલ્યા આં હાં હાં હાં હાં.. સ્યું પવન આયો લ્યા ?

ભાથી- અલ્યા ગણેશ પરમેસર...

નાયક- હારુ કરજો ગણેશ પરમેસર મા'રાજ ! વારી વસ્તીમાં કહોર કહોર અન મારાં નવરાત્રાઓ ઉપર સાંય કરજો.

આમ સંપાદકે આવા સાત ટોડ સ૯પાદિત કર્યા છે.

- રેળી

પ્રેમજી પટેલે ગોગાની રેળી પણ સંપાદિત કરી છે. ઉ.ગુ.માં રબારીઓમાં ખાસ કરીને રેળી ગાવામાં આવે છે. દેવીની પ્રશસ્તિ, પરાક્રમો,ચમત્કારોની કથા લયબદ્ધ ગાવામાં આવે તેને રેળી તરીકે ઓળખવામાં આવે છે.રેળી વિશે આ પુસ્તકના 'આવકાર'માં કનુભાઇ જાનીએ વિગતે વાત કરેલી છે. આમ સંપાદકે અઘરા શબ્દોના અર્થો સાથે આ પુસ્તકમા રેળી સંપાદિત કરી છે.

- શલોકો

લગ્નના વરઘોડામાં ગામની ભાગોળમાં અટકીને કૌરવ-પાંડવના શલોકા ઉ.ગુ. સાબરકાંઠાના તલોદ આજુબાજુના ગામોમાં દરેક જ્ઞાતિમાં ગવાય છે. મારા ગામમાં પણ શલોકા ગવાતાં મે સાંભળ્યાં છે. એક (અંતરો) ટૂકડો બોલ્યા પછી વાળંદભાઇ ' એ રુડો' એમ લાંબાં લહેકાથી બોલે છે. એનાથી પંડિત ગાનારને શ્વાસ લેવાનો સમય મળે છે. કુલ ૪૮ પક્તિઓનો શલોકો સંપાદકે સંપાદિત કરીને પુસ્તકમાં પ્રગટ કર્યો છે. થોડા ઉ..દા.. જોઇએ

૧. સરસ્વતી માતાને કરું પ્રણામ<br>
ભૂલ્યો અક્ષર મુર્ખ અજાણ<br>
૨. હિંગળાજ હરસિદ્ધ બહુચરવાળી<br>
અંબા તુલજાને પાવાગઢવાળી<br>
એક લિંગ ઉંટટિયલ..રૂડો.....<br>
૩. એક લિંગ ઉંટાડિયો આશરો તારો<br>
કુબેર કાળનાથને કળયુગનો વાળો<br>
દેશે દુનિયામાં રુડો....

આ રીતે આગળ ચાલે અને દ્રૌપદીનાં વસ્ત્રાહરણની વાત પણ એમાં આવે છે. આમ ગામ ચોરામાં શલોકા બોલાય પછી વરઘોડો ઘરે પરત ફરે. આમ સંપાદકે જુદા જુદા સ્વરૂપો આપ્યાં છે.

- **બનાસકાંઠાના લોકસંસ્કાર અને લોકવાણી,સં જયંતિલાલ દવે, પ્ર- પોતે,પ્ર.આ.-જૂન ૧૯૮૫**

જયંતિલાલ દવે અડાલજની માણેકબા વિનયવિહાર ગૌશાળામાં કામ કરતા હતા. ત્યારે સવંત ૨૦૨૫માં દુકાળ પડ્યો એ સમયે બનાસકાંઠામાંથી પોતાના કુટુંબ અને પશુઓને લઇને મજૂરીની શોધમાં નિકળેલા માણસો આ અડાલજની સંસ્થામાં રોકાય છે. અને ત્યાં રોજી રોટી માટે મજૂરી કરે છે. આ લોકો સાથે જયંતિભાઇએ પોતાના માણસની જેમ ભળી જઇને તેમની પાસેથી લોકવાણી લોકસાહિત્યનો સમૃદ્ધ વારસો રેકોર્ડ કરવા લાગ્યાં અને તેના પરિપાકરૂપ આ પુસ્તક તેમણે આપ્યું. સંપાદકે અહી લોકસાહિત્યનાં જુદ-જુદા સ્વરૂપો સંગ્રહ્યાં છે. જેમાં ગરબો,ભજન લોકનૃત્યો,લોકમેળા ,અરથ ,જોડકણા,દોહરા વગેરે છે. પણ અહીં આપણે લઘુલોકસાહિત્ય એવા અરથ અને જોડકણા તથા દોહરા વિશે વાત કરવી છે.

અરથ અને જોડકણાં માં કિશોર વયનાં છોકરાઓ, કે મોટામાણસો સામસામા અરથ પૂછે છે. તેમની આ પ્રવૃત્તિમાં બુદ્ધિકસોટી કે સમસ્યા હોય છે કે પછી પાદપૂર્તિ. પરંતુ રમતી વખતે અરથ કે જોડકણાં જે ફાવે તેનો ઉપયોગ રમનાર કરે છે. જ્યારે એક વ્યક્તિ અરથ પૂછે

ત્યારે સામી વ્યક્તિએ એનો જવાબ આપવો પડે છે. પરંતુ જો જવાબ ના આવડે તો સામે બીજો અરથ પૂછાય છે અને છેવટે બંન્ને પોત પોતાના જવાબ કહી દે છે. આ અરથ જોડકણાંમાં પણ લાક્ષણિકતા જોવા મળે છે. ઉ.દા જોઇએ..

૧ અરથ- વેંત જેવડી વરખડી
ડાલા જેવડું ફૂલ
કાચે કમળ નેંપજે
પાકાના થાય મૂલ જવાબ- માટલી

૨ અરથ- જનાવર સે બે પગ સે
એક ચાંચ છે, ચણી નથી હકતું જવાબ-ગાડું

મજૂરી કરનારા માણસો પોતાનું કામ કરતા જાય અને આ રીતે અરથો પૂછતા, જેમાં બુદ્ધિકસોટી પણ થાય અને કામનો થાક ન લાગે અને રમૂજ પડે એવા આશયથી પણ આ અરથો કહેવાતા હશે.

- દોહરા

સંપાદકે આ પુસ્તકમાં બનાસકાંઠામાં કહેવાતા દોહરાને પણ સંપાદિત કર્યા છે. લોકજીવનમાં દોહરાનું સ્થાન અજાણ્યું નથી. બનાસકાંઠાના કેટલાક દોહરામાં સમસ્યા હોય છે તો કેટલાકમાં સંસારજ્ઞાન જોવા મલે છે. જુઓ..

૧ એક અસ્ત્રી વના આંગણુ ન શોભે,
જેમ પુરુષ વની ન શોભે નાર
ગાયાં વિના જોને ગોદરા ન શોભે
જેમ નાના પુરુષની નાર

સ્ત્રી વગર આંગણું શોભતું નથી અને પુરુષ વગર સ્ત્રી નથી શોભતી. ગાયો વગર ગોંદરો નથી શોભતો અને પુરુષ નાનકડો હોય અને સ્ત્રી એના કરતાંય મોટી હોય તો એ પણ શોભતી નથી. આમ આ દોહરાથી સંસારજ્ઞાન મળી રહે છે.

૨ વાગડને જોને વાલો બાજરો
ગુજરાતને વાલેરા ઘઉં
સોરઠને વાલી જોને શેલડી,
કચ્છને વાલા ખડ

આ દોહરામાં જુદા-જુદા પ્રદેશની લાક્ષણિકતા દર્શાવી છે, જેમાં કયા પ્રદેશમાં શું અનાજ પાકે છે તેની જાણકારી મળી રહે છે. જેમાં કચ્છમાં તો ખૂબ ખડ (ઘાસ) થાય તો જ આનંદ આવે.

- કાળના ઘા વર્ણવતા પણ કેટલાક દુહા છે:

ઠાવકા ઠાકોર થાળીએ બેહતા,
દૂધ કઢેલાં દઇ

સવંત ૨૦૨૫નો દુકાળ એવો પડ્યો કે ઘરની તમામ સમૃદ્ધિ વેરવિખેર થઇ અને મરચાં ખાવાય ન રહ્યાં. આ દુહાઓમાં સમસ્યાં સ્થાનની ખાસિયત ,સમયનું મૂલ્ય વગેરે જાણી સકાય છે. આમ, આ સંપાદન સમાજશાસ્ત્રીયને પણ ઉપયોગી સાબિત થાય તેમ છે.

ઉત્તર ગુજરાતમાંથી આ રીતે સ્વતંત્ર ગ્રંથ રૂપે તથા અન્ય ગ્રંથોમાં પણ તેનું સંપાદન થયેલું મળે છે. આ અમૂલ્ય સાહિત્ય ધન હવે જ્યારે જૂની પેઢીની સાથે તેમનાં ગળામાં જ ગૂંગળાય જાય એ પહેલાં તેને સાચવી લેવામાં આવે તો નવી પેઢીને આ વારસો આપી શકાય. અને એ જાણી શકે કે આવી કહેવતો, ભડલી વાક્યો વગેરે સમાજજીવનમાં અને એમાંય ખાસ કરીને ગ્રામીણ કૃષિક સમાજ ક્યાં, કેવી રીતે, કેટલા ઉપયોગી બનતા હતા. તેનો સૌને ખ્યાલ આવે. આમ, આ લઘુંલોકસહિત્યએ પણ આપણી લોકવિદ્યાક્ષેત્રની એક મહામોંઘી જણસ જ છે જે ઉત્તર ગુજરાતના સંશોધક/સંપાદકઓએ તેને સગ્રહી આપણને પુસ્તકરૂપે ઉપલબ્ધ કરી આપ્યાં છે.

પાદટીપ:

૧ આપણાં ઓઠાં- સં. અમૃત પટેલ,૨૦૦૧ પ્રસ્તાવનામાંથી

૨ લોકવાર્તા સ્વરૂપ વિમર્શ-ડૉ.પ્રાંજલી પટેલ,પ્ર-પોતે પ્ર.આ.૨૦૦૯,પૃ-૯૪